For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**ગોડાદરા પરવટમાંથી પસાર થતી ખાડીની આસપાસ સુરત મહાનગર પાલિકાએ જ વિકાસના નામે રસ્તો બનાવી ઢાળ સાથે છેડછાડ કરી**




ગોડાદરા પરવટ ગામ રોડ ઉપર સરસ્વતી હિન્દી વિદ્યાલય પાસેથી પસાર થતી ખાડી પાસે વર્ષ 2011માં હળવા દબાણ હતાં જ્યારે 2024માં અહીં થઇ ગયેલું દબાણ સ્પષ્ટ દેખાઇ છે. સુરતના ખાડીપૂર પર ડિટેઇલ રિપોર્ટ તૈયાર કરનાર સુગીત પાઠકજીનું કહેવું છે કે, 2024માં સુરત મહાનગર પાલિકાએ જ ખાડીની બંને બાજુ વિકાસના નામે રસ્તા બનાવી દીધા છે જેના માટે ઢાળની સાથે છેડછાડ થતી હોવાથી આ પાણી કુદરતી રીતે વહી શકતું નથી અને તેનો ભરાવો થાય છે.

# સુરતમાં સીઝનનો 50% વરસાદ વરસી ગયો

**સુરત** જિલ્લાના અંબિકા અને પલસાણા તાલુકામાં અત્યાર સુધીમાં 41.76 ઈંચ વરસાદ નોંધાયો

**સૌથી** ઓછો વરસાદ ભરૂચના જંબુસરમાં 1.73 ઈંચ જ્યારે તાપીના નિઝરમાં 2 ઈંચ વરસાદ



સુરત : વિતેલા સપ્તાહમાં રાજ્યમાં ભારે વરસાદ વરસ્યો હતો જેમાં સૌથી વધુ ખાનાખરાબી દક્ષિણ ગુજરાતમાં થઇ હતી. રાજ્યના વરસાદની વાત કરીએ તો જિલ્લાવાર વરસાદમાં સુરત 43.97 ટકા સાથે મોખરે છે.

ત્યારબાદ અમરેલીમાં 43.76 ટકા, જૂનાગઢમાં 43.04 ટકા, નવસારીમાં 42.68 ટકા અને ડાંગમાં 37.33 ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ કચ્છમાં માત્ર 1.92 ટકા અને દેવભૂમિ દ્વારકામાં 0.92 ટકા વરસાદ નોંધાતા ત્યાં હજુ પણ વરસાદની મોટી ખાધ યથાવત રહી છે.

દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સુરત જિલ્લાના અંબિકા પલસાણામાં 41.76 ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. આ ઉપરાંત કામરેજમાં અત્યાર

...અનુસંધાન પાના 9 પર

**સુરત જિલ્લામાં વરસાદ**

| | |
|---|---|
| અંબિકા | 41.76 ઈંચ |
| અરેઠ | 13.84 ઈંચ |
| બારડોલી | 30.64 ઈંચ |
| ચોર્યાસી | 30.16 ઈંચ |
| ઓલપાડમાં | 19.6 ઈંચ |
| માંડવીમાં | 14 ઈંચ |
| ઉમરપાડામાં | 24.96 ઈંચ |
| માંગરોળમાં | 17.48 ઈંચ |
| ચોર્યાસી | 14.32 ઈંચ |
| કામરેજ | 38.88 ઈંચ |
| મહુવા | 31.2 ઈંચ |
| પલસાણા | 41.76 ઈંચ |
| સુરત સિટી | 30.96 ઈંચ |

**નવસારી જિલ્લો**

| | |
|---|---|
| ચીખલી | 38.11 ઈંચ |
| નવસારી | 36.46 ઈંચ |
| ગણદેવી | 34.02 ઈંચ |
| જલાલપોર | 30.12 ઈંચ |
| ખેરગામ | 29.13 ઈંચ |
| વાંસદા | 24.02 ઈંચ |

**વલસાડ જિલ્લો**

| | |
|---|---|
| વલસાડ | 33.90 |
| ધરમપુર | 22.01 |
| પારડી | 30.55 |
| કપરાડા | 34.84 |
| ઉમરપાડા | 34.21 |
| વાપી | 32.91 |
| નાનાપોંઢા | 24.88 |

**ભરુચ જિલ્લો**


| | |
|---|---|
| હાંસોટ | 13.23 ઈંચ |
| અંકલેશ્વર | 11.46 ઈંચ |
| વાલિયા | 10.94 ઈંચ |
| નેત્રંગ | 9.96 ઈંચ |
| વાગરા | 9.72 ઈંચ |
| ઝઘડિયા | 6.50 ઈંચ |
| ભરૂચ | 5.08 ઈંચ |
| આમોદ | 2.36 ઈંચ |
| જંબુસર | 1.73 ઈંચ |

**તાપી જિલ્લો**

| | |
|---|---|
| ડોલવણ | 34.04 ઈંચ |
| વાલોડ | 32.76 ઈંચ |
| વ્યારા | 26.12 ઈંચ |
| સોનગઢ | 17.56 ઈંચ |
| ઉકાઈ | 15.56 ઈંચ |
| ઉચ્છલ | 5.52 ઈંચ |
| કુકરમુંડા | 3.08 ઈંચ |
| નિઝર | 2 ઈંચ |







મેયરને જાણ કરી છતાં આવ્યા નહીં

# કાપોદ્રા મેઈનરોડ ઉપર સિટી બસ ભૂવામાં ધસી પડતા હોબાળો

**તમે** અમારો પગાર ખાઓ છો... કાપોદ્રામાં લોકોએ સૂત્રોચ્ચાર કર્યા

**અગાઉ** રસ્તા બેસી જતાં માત્ર નોટિસ આપીને સંતોષ માની લીધો ત્યાં બીજો રસ્તો બેસી ગયો

સુરત : શહેરમાં ખાડીપૂર અને ભારે વરસાદ બાદ લોકોનો આક્રોશ હવે ખુલ્લેઆમ સામે આવી રહ્યો છે. રવિવારે કાપોદ્રાના રચના બીઆરટીએસ રૂટ પર ચાલુ સિટી બસ નીચે અચાનક રસ્તો ધસી પડતાં સર્જાયેલી ઘટનાએ સ્થાનિકોમાં ભારે રોષ ફેલાવ્યો હતો. બસના પાછળના ટાયર અંદાજે 35 ફૂટ લાંબો અને 20 ફૂટ ઊંડો ભુવામાં ફસાઈ જતાં બસમાં બેઠેલા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોકે ડ્રાઈવરની સતર્કતાથી મોટી જાનહાનિ ટળી હતી.

ઘટનાની જાણ થતાં સ્થાનિકો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા અને પાલિકાના સ્ટાફનો ઘેરાવો કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

'તમે લોકો અમારો પગાર ખાઓ છો' જેવા સૂત્રોચ્ચાર સાથે લોકોએ અધિકારીઓ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. સ્થાનિકોનો આક્ષેપ હતો કે થોડા સમય પહેલાં જ અહીં ડ્રેનેજ લાઈનની કામગીરી કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય રીતે પુરાણ અને રસ્તાનું મજબૂતીકરણ ન થતાં

...અનુસંધાન પાના 9 પર

# અયોધ્યા બાદ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં પણ દાનની ચોરી

**રૂ.** 1.04 લાખની ચોરી કરનાર ચિરાગ ઠાકોર મંદિરમાં દાનના રૂપિયા ગણવાનું કામ કરે છે

**બાથરૂમ** જવાના બહાને નીકળ્યો ત્યારે રૂપિયા 500નું બંડલ પડી જતાં ઘટના બહાર આવી

ગાંધીનગર : અયોધ્યા રામ મંદિરની જેમ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં દાનપેટીની રકમની ગણતરી દરમિયાન ચોરીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મંદિરના ભંડારમાંથી રૂ. 1.04 લાખની રોકડ ચોરી કરવાનો પ્રયાસ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં મંદિર ટ્રસ્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે અંબાજી મંદિરમાં ભક્તો દ્વારા દાનમાં અપાયેલી રકમની નિયમિત ગણતરી ચાલી રહી હતી. આ દરમિયાન હંગામી કર્મચારી ચિરાગ ઠાકોરે રૂ. 500ની 208 નોટોનું કુલ રૂ. 1.04

...અનુસંધાન પાના 9 પર

# સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરી ગ્રીન લેઝર લાઈટની ઘટના

**લેન્ડિંગ** દરમિયાન પાઇલટે જાણ કરી

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શનિવાર, 11 જુલાઈની રાત્રે એક વિમાનના લેન્ડિંગ દરમિયાન પાઈલટને એરપોર્ટની આસપાસના વિસ્તારમાંથી ગ્રીન લેઝર લાઈટ દેખાતા તેની જાણ એર ટ્રાફિક કંટ્રોલને કરવામાં આવી હતી. જોકે વિમાનનું લેન્ડિંગ સંપૂર્ણપણે સુરક્ષિત રીતે પૂર્ણ થયું હતું અને ઘટનાની માહિતી નિયમ મુજબ સંબંધિત એજન્સીઓને મોકલી વધુ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એરપોર્ટ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે લગ્ન અને અન્ય સામાજિક પ્રસંગોની મોસમ દરમિયાન હાઈ-પાવર લેઝર લાઈટોના વધતા ઉપયોગને કારણે આવી ઘટનાઓ સમયાંતરે સામે આવતી રહે છે. વિમાનના ટેક-ઓફ અને લેન્ડિંગ જેવા અત્યંત મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન કોકપિટ પર પડતી લેઝરની કિરણો પાઈલટનું ધ્યાન ભંગ કરી શકે છે, જેના કારણે ઉડ્ડયન સલામતી પર ગંભીર અસર થવાની શક્યતા રહે છે.

આ ઘટનાને પગલે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા નાગરિકો, લગ્ન સમારંભોના આયોજકો તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓને અપીલ કરવામાં આવી છે કે લેઝર લાઈટનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે કે તેની કિરણો આકાશમાં ઉડાન ભરી રહેલા અથવા

...અનુસંધાન પાના 9 પર

# ઝઘડિયામાં પાંજરુ તોડીને ભાગેલા દીપડાએ બે મહિલા પર હુમલો કર્યો

**બાળક** પર હુમલો કરે તે પહેલાં મહિલાઓએ પ્રતિકાર કરતાં દીપડો ભાગી ગયો

**વન** વિભાગની કચેરી ખાતે દીપડાને લવાયો હતો, વિભાગની ગંભીર બેદરકારી સામે લોકોમાં આક્રોશ સાથે દહેશત

ભરૂચ, ઝઘડીયાઃ ઝઘડીયા વન વિભાગની ગંભીર બેદરકારીના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

ઉમલ્લા ગામેથી પાંજરે પૂરાયેલો દીપડો રવિવારે સવારે વન વિભાગની કચેરી ખાતે લાવવામાં આવ્યો હતો, ત્યારે અચાનક તેણે પાંજરું તોડીને ભાગી છૂટ્યો હતો. પાંજરામાંથી છૂટતાં જ આ દીપડાએ ઝઘડીયા ટાઉનના રેવા સોસાયટી વિસ્તારમાં કામ કરી રહેલી બે મહિલા લલીતાબેન અને રીંકલબેન પર સીધો હુમલો કર્યો, જેનાથી વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ છે.

ઝઘડીયા તાલુકાના ઉમલ્લા ગામે છેલ્લા બે-ત્રણ દિવસથી દીપડો આંટાફેરા મારતો હતો. એક શ્વાન પરના હુમલાની ફરિયાદ બાદ વન વિભાગે પાંજરું ગોઠવ્યું હતું, જેમાં શનિવારે મોડી રાત્રે દીપડો કેદ થયો.

રવિવારે સવારે તેને ઉમલ્લાથી ઝઘડીયા વન કચેરી લાવવામાં આવ્યો, ત્યારે જ પાંજરામાં હરકત કરતાં દીપડાએ પાંજરું ખોલી નાખ્યું અને વાલિયા ચોકડી તરફ દોટ મૂકી. સ્થાનિકોએ બૂમાબૂમ કરતાં દીપડો રેવા સોસાયટીમાં ઘૂસી ગયો, જ્યાં તેણે બે મહિલાઓને નિશાન બનાવી હતી. એ દરમિયાન નજીકમાં રમતા એક નાના બાળક પર પણ તેણે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હિંમતવાન મહિલાઓએ પ્રતિકાર કરતાં દીપડો ગભરાઈને

...અનુસંધાન પાના 9 પર

# હર્ષ સંઘવી સાથે ચા પીધા પછી પણ વેપારીનો આક્રોશ યથાવત

**8મી** જુલાઇએ અધિકારીઓ લોખંડના કીડા પડવાનો શ્રાપ આપ્યો

**9મીએ** ગૃહમંત્રીની હાજરીમાં પલટી માર્યા બાદ 12મીએ ફરી સવાલો ઉઠાવ્યા



સુરતઃ શહેરના વરાછા વિસ્તારમાં ખાડીપૂરના કારણે યશ પ્લાઝા કોમ્પ્લેક્સમાં પાણી ઘૂસતાં લાખો રૂપિયાનું નુકસાન વેઠનાર વેપારી મહેશ ગઢીયાનો આક્રોશ ફરી એકવાર સામે આવ્યો છે. અગાઉ 8મી જુલાઈએ મનપા-સીટકોના અધિકારીઓને લોખંડના કીડા પડે તેવુ ઉગ્ર નિવેદન આપ્યા બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે ચા બેઠક દરમિયાન 9મી જુલાઈએ પોતાના નિવેદનને આક્રોશમાં આપેલું ગણાવનાર મહેશ ગઢીયાએ હવે 12મી જુલાઈએ વધુ એક વીડિયો જાહેર કરી સીધા હર્ષ

...અનુસંધાન પાના 9 પર


**પ્રેમપૂર્ણ શ્રદ્ધાંજલિ**



**સ્વ. હીનાબેન મુકેશભાઇ પટેલ - સ્વ. તા. ૧૦/૦૭/૨૦૨૬**

સાથે નથી પણ સાથે છે! એવુ લાગ્યા કરે... ક્યારેક થયેલી વાતો કાનમાં ગુંજ્યા કરે... સમય પહેલા સૂર્ય અસ્ત થયો ક્ષણભરમાં અંધકાર છવાઇ ગયો. રડી પડે છે આંખો અમારી જોઇ તસવીર તમારી... દરેક પ્રસંગે ખોટ અપાવશે તમારી... જીવન એવું જીવી ગયા કે સૌ આપને યાદ કરશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સૌની પ્રાર્થના. ૐ શાંતિ... શાંતિ...


લિ. નિતિનભાઇ મગનભાઇ પટેલ | ગં.સ્વ. તનુજાબેન રજનીકાંત પટેલ
વૈશાલીબેન નિતિનભાઇ પટેલ | વિક્કી રજનીકાંત પટેલ
પાર્થ નિતિનભાઇ પટેલ | ખુશ્બુ વિક્કી પટેલ
રીમા પાર્થ પટેલ | અવિ વિક્કી પટેલ
અભિષેક નિતિનભાઇ પટેલ | તથા સમસ્ત પટેલ પરિવાર

ભરથાણા (વેસુ) સુરત



**અનાવિલ અવસાન**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન **ડૉ. રાજેન્દ્ર ઈશ્વરલાલ દેસાઈનું** શનિવાર તા. ૧૧/૦૭/૨૦૨૬ ના દિને દુઃખદ અવસાન થયેલ છે.



**સ્વ. રાજેન્દ્ર ઈશ્વરલાલ દેસાઈ**
સ્વ. તા. ૧૧/૦૭/૨૦૨૬

**સદ્‌ગતની અંતિમયાત્રા**
સોમવાર તા. ૧૩/૦૭/૨૦૨૬ના દિને સાંજે ૪:૦૦ કલાકે અમારા નિવાસસ્થાનથી નીકળી રામનાથ ઘેલા સ્મશાન ભૂમિ, ઉમરા મુકામે જશે.

પરમાત્મા સદ્‌ગતના પુણ્યશાળી આત્માને ચિર શાંતિ આપે તેવી હૃદયથી પ્રાર્થના.


**સદ્‌ગતનું બેસણું**
મંગળવાર તા. ૧૪/૦૭/૨૦૨૬ના દિને સાંજે ૪:૦૦ થી ૬.૦૦ કલાકે પાંજરાપોળ ટ્રસ્ટ, ભારતીય એજ્યુકેશનલ કેમ્પસ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.

લિ.
ડૉ. પ્રભોદા એ. નાણાવટી | ઈલાક્ષી રાજેન્દ્ર દેસાઈ
ડૉ. ચૈતન્ય રાજેન્દ્ર દેસાઈ | ડૉ. અમિત રાજેન્દ્ર દેસાઈ
અનીતા અમિત દેસાઈ
રત્ના મનીષ જરીવાલા
મનીષ રાજેન્દ્ર જરીવાલા
અનુષ્કા – ઐશ્વી – પ્રણય – રાજ

નિવાસસ્થાન : ૭-બી, સાતમો માળ, રત્નમહલ, રવિધામ કોમ્પલેક્ષ, પી.એફ. ઓફિસની પાછળ, ઘોડદોડ રોડ, સુરત. મો. ૯૦૯૯૭ ૨૧૦૯૦ / ૯૮૨૫૧ ૫૦૬૩૧



**॥ શ્રદ્ધાંજલિ ॥**



અતિશય દુઃખ સાથે જણાવવાનું કે, અમારા અતિ પ્રિય શ્રી સ્વર્ગસ્થ થયા છે. મનુભાઈ કે. રાજાણી તેમનો પ્રેમ, સદભાવના અને સંસ્કારો. અમારા હૃદયમાં જીવંત રહેશે. તેમની યાદો હંમેશા અમને પ્રેરણા આપતી રહેશે અને ક્યારેય ભૂલાશે નહીં.

**સ્વ. મનુભાઈ કે. રાજાણી**
સ્વ. તા. ૧૦-૦૭-૨૦૨૬

પગડી રસમઃ-
તા. 13 જુલાઈ, સોમવાર,
સમયઃ સાંજે 5.00 થી 5.30

:: લિ. ::
**રાજાણી પરિવાર**

સ્થળઃ- બી-701, આગામ વિહાર, Opp GEB, DGVCL પાસપોર્ટ ઓફિસની પાસે, એકતા રો હાઉસની પાસે, ઉમરા સુરત - 395007, ગુજરાત, ભારત



**શાશ્વત સ્મૃતિઓની ૨૫મી સ્મરણ તિથિ**



સ્મરણીય પૂ. ભાઈ, તમે ૨૫ વર્ષ પહેલાં આ દુનિયા છોડી દીધી હતી, પણ તમે હંમેશા અમારા જીવનમાં અને અમારા વિચારોમાં હાજર છો. અમે દરેક પગલે તમારો પ્રેમ અને આશીર્વાદ અનુભવીએ છીએ... શાશ્વત પ્રેમ અને પ્રણામ. અમારું રોમેરોમ હજુય અનુભવે છે તમારી હયાતીનો હૂંફાળો સ્પર્શ. શાશ્વત પ્રેમાળ સ્મૃતિમાં....

સ્મરણીય સુમંતરાય ત્રિવેદી
-: જીવન ઓચ્છવ :-
૧૮/૦૨/૧૯૨૩ - ૧૩/૦૭/૨૦૦૧

મયંક – બિનિતા | ભાવના તૃષાર ત્રિવેદી
કરણ, નીરજા | પારૂલ સમીર ભટ્ટ
કુ. કિરણ ત્રિવેદી | પ્રણવ-દેવાંશી-જાહ્નવ
મિતાલી-આરા, પ્રાચી-પ્રજિત
સ્મરણીય સુમંતરાય કેશવરામ ત્રિવેદી પરિવાર



**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી કૈલાસબેન ધનસુખલાલ રાંદેરીઆનું તા. ૧૨-૦૭-૨૦૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે પ્રભુ સદ્‌ગતની આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

**સ્વ. કૈલાસબેન**
ધનસુખલાલ રાંદેરીઆ
જન્મ. તા. ૧૬-૦૯-૧૯૪૧
સ્વ. તા. ૧૨-૦૭-૨૦૨૬
તિથિ- જેઠ વદ બારસ

॥ સદ્‌ગતનું બેસણું ॥
તા. ૧૩-૦૭-૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧ કલાકે રાખેલ છે.

॥ બેસણાનું સ્થળ ॥
ધમણવાલા એ.સી હોલ, સીંગાપુરી ની વાડી, રૂસ્તમપુરા, સુરત.

લિ. સ્વ. ધનસુખલાલ નાથુભાઈ રાંદેરીઆ
મુકેશ ધનસુખલાલ રાંદેરીઆ (પુત્ર) | નીતા મુકેશ રાંદેરીઆ (પુત્રવધુ)
ધ્રુવ મુકેશ રાંદેરીઆ (પૌત્ર) | તુલસી ધ્રુવ રાંદેરીઆ (પૌત્રવધુ)
નક્ષ ધ્રુવ રાંદેરીઆ (પ.પૌત્ર) | નિત્યા ધ્રુવ રાંદેરીઆ (પ.પૌત્રી)
અશોક છોટાલાલ ઝવેરી (જમાઈ) | અરૂણા અશોક ઝવેરી (પુત્રી)
ભુપેન્દ્ર કીરીટલાલ ખરવર (જમાઈ) | પ્રતિમા ભુપેન્દ્ર ખરવર (પુત્રી)
રાજેન્દ્ર લલ્લુભાઈ બારડોલીવાલા (જમાઈ) | હર્ષિદા રાજેન્દ્ર બારડોલીવાલા (પુત્રી)
સ્વ.રાજેશ મનહરલાલ બારડોલીયા (જમાઈ) | અનિતા રાજેશ બારડોલીયા (પુત્રી)
વિષ્ણુ મહેશભાઈ ડાકોરીયા (પ.જમાઈ) | નીશા વિષ્ણુ ડાકોરીયા (પૌત્રી)
અભિષેક ભુપેન્દ્રભાઈ દોરીવાલા (પ.જમાઈ) | અર્ચના અભિષેક દોરીવાલા (પૌત્રી)
વિરાટ- આરવી- જેયાંશ



**હાર્દિક શ્રધ્ધાંજલિ**



**સ્વ. જયંતિભાઈ લખુભાઈ પટેલ(ઘંટીવાલા)**
સ્વ.તાઃ ૧૧-૦૭-૨૦૨૬

હે નાથ જોડી હાથ પાયે, પ્રેમથી સહુ લાગીયે, શરણું મળે સાચુ તમારૂં, એ હૃદયથી માંગીયે, જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો. પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સૌની પ્રાર્થના.

લિ.
ચીમનભાઈ ભીખાભાઈ પટેલ | મંજુલાબેન ચીમનભાઈ પટેલ
સ્વ. રાજેશભાઈ ચીમનભાઈ પટેલ | ગં.સ્વ. સુનિતાબેન રાજેશભાઈ પટેલ
કલ્પેશભાઈ ચીમનભાઈ પટેલ | અનસુયાબેન કલ્પેશભાઈ પટેલ
માર્ક રાજેશભાઈ પટેલ | દ્વિતી માર્ક પટેલ
દેવ, હેત્વી, ટીન્શી તથા સમસ્ત પરિવાર

સ્થળ : પોલીસ લાઈન સામે, નવા મગદલ્લા, ડુમસ રોડ, સુરત.



**પાંચમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**સ્વ. બંટીભાઈ મહેન્દ્રભાઈ કઢીવાલા**
જન્મ તા. 30/૦૫/૧૯૮૪ સ્વ. તા. ૧૩/૦૭/૨૦૨૧

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય આપની અણધારી હશે ક્યાં ખબર હતી, પ્રસન્નતા, પરોપકાર, ધાર્મિકતા, રમત ગમત આપનું જીવન હતું, સૌને રડાવી હસતા હસતા અમર થઇ ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અને મોક્ષ અર્પે એવી અમારી પ્રભુને પ્રાર્થના

લિ.
નરેશભાઇ હસમુખલાલ કઢીવાલા | ભારતીબેન નરેશભાઇ કઢીવાલા
મહેન્દ્રભાઇ હસમુખલાલ કઢીવાલા | સ્વ. ગીતાબેન મહેન્દ્રભાઇ કઢીવાલા
સ્વ. રોહિતભાઇ હસમુખલાલ કઢીવાલા | ગં.સ્વ. દીપ્તિબેન રોહિતભાઇ કઢીવાલા
જીજ્ઞેશભાઇ નરેશભાઇ કઢીવાલા | પૂજા જીજ્ઞેશભાઇ કઢીવાલા
કનૈયાભાઇ નરેશભાઇ કઢીવાલા | સોનાલી કનૈયાભાઇ કઢીવાલા
ગં.સ્વ. પ્રીતિ બંટીભાઇ કઢીવાલા
આશિષ મહેન્દ્રભાઇ કઢીવાલા | ભૂમિકા આશિષ કઢીવાલા
યશ રોહિતભાઇ કઢીવાલા | વૈષ્ણવી યશ કઢીવાલા
મીત બંટીભાઇ કઢીવાલા | યક્ષ બંટીભાઇ કઢીવાલા

**સમસ્ત કઢીવાલા પરિવાર**